ૐ

શ્રી પરમાત્મને નમઃ

સંગીત

મુક્તિમાળા

દોહરો.

પુસ્તક વાંચો પ્રેમથી, આપી લક્ષ લગાર;
નર્મદ નાથ કૃપા થકી, તરી જશો સંસાર.

રચી પ્રસિદ્ધ કર્તા.

નર્મદાશંકર ગણપતરામ ઠાકર.
વિરમગામ—નિવાસી.

અમદાવાદ

[illegible] પ્રીન્ટીંગ પ્રેસ દીલ્હીદરવાજે ચકલામાં

સંવત ૧૯૬૩ સને ૧૯૦૭

મુલ્ય રૂ. ૦—૧—૦ એક આનો ફક્ત

ૐ

શ્રી પરમાત્મને નમઃ

સંગીત મુક્તિમાળા.

દોહરો.

પુસ્તક વાંચો પ્રેમથી, આપી લક્ષ લગાર;
નર્મદ નાથ કૃપા થકી, તરી જશો સંસાર.

રચી પ્રસિદ્ધ કર્તા.

નર્મદાશંકર ગણપતરામ ઠાકર.
વિરમગામ—નિવાસી.

અમદાવાદ જયન્તિ પ્રીન્ટીંગ પ્રેસ દીલ્હીદરવાજે ચકલામાં

સંવત ૧૯૬૩ સને ૧૯૦૭

મુલ્ય ૩-૦-૧-૦ એક આનો ફકત.

વિજ્ઞપ્તિ.

સદ્‌ગૃહસ્થો ! આ માનવ જન્મ લીધા પછી આપણે આ ઇશ્વરી માયામાં સપડાઇ જઇ, એક પાપી પેટને માટે તથાં અનેક જાતના સ્વાર્થને લઇને નાના વિધીનાં પાપ કરતા પાછું વાળી જોતા નથી. જગતકર્તાની અદ્‌ભૂત માયામાં લપટાઇ કેટલાકે પોતાનાં ધર્મ કર્મ તો નેવેજ મૂકી દીધાં છે. વ્હાલા ભારત ભાઇઓ! આ અમુલ્ય દેહ ફરી ફરીને મળવાનો નથી; માટે હમેશાં નવરાશની વેળાએ બે ઘડી પરમાત્માનું સ્મરણ કરી પારકી કુથલીમાં લીન થતું મન અટકાવી મારી અલ્પ મતિથી કરેલું પુસ્તક નિર્મળ વૃત્તિથી વાંચો, ઇશ્વર ભજન કરો અને પરલોકનાં સુખનાં સાધન મેળવો.

લી. હુંછું,

આપનો નમ્ર શેવક,

નર્મદાશંકર ગણપતરામ ઠાકર

અર્પણપત્રિકા.

સદા શુભેચ્છક મુરબ્બી મામાશ્રી દવે
અંબારામ મોનજીની પવિત્ર સેવા—

આપ જ્ઞાની ધર્મીષ્ટ અને વિદ્યાની ખુબ જાણનાર છો. આપની મારા તરફની દ્રઢ ઉત્તમ લાગણીઓ જોઇને મારી અલ્પમતિથી કરેલું આ લઘુ પુસ્તક હું આપને અર્પણ કરૂંછું તે સ્વીકારશોજી.

લી: હું છું,
આપનો આજ્ઞાંકીત સેવક,
નર્મદાશંકર ગણપતરામ ઠાકર

સંગીત મુક્તિમાળા.

---

૧ શ્રી ગણપતિ સ્તુતિ. શાર્દૂલવિક્રીડિત.

જય દુંદાળા દેવ સુત શીવના, સુંઢાળ સારૂં કરો,
સુખના સાધન ગણપતિ દાસનાં, કષ્ટો સહાએ હરો;
ગૌરી સુત ગણેશ દુઃખ હરતા, વિઘ્નો સદા ટાળજો,
નિર્વીઘ્ને કરકાજ આપ સુ, મતિ દુર્બુદ્ધિને બાળજો.

૨ આવરદા વ્યર્થ વિતાવી એ રાગ.

મન ભજ ભાવે ગીરધારી,
ઉત્તમ જન્મ મનુષ્ય મળ્યો છે, કરતું આફ સુધારી. ટેક.
લક્ષ્મિ રમણમાં મન જોડી દે, વિષય વાસ નીવારી,
મૃથા મૃગ જલથી ત્યાગી દે, તન બલ બુદ્ધિ તારી. મન.
શ્રી હરિ રૂપ સુધારસ પી, લે, મેવા મીષ્ટ મોરારી;
ભવસાગરની પાર ઉતરવા, ભક્તિ હોડી સારી. મન.
પુનરપી જનનં પુનરપી મરણં, આખર ભોંય પથારી;
માત પિતા સુત ભગિની દારા, સંગે ન આવે તારી. મન.
ચેત અચેત વિચાર કરી લે, માયા દુઃખ દેનારી;
ચોરાશીના ફેરામાંથી, બચાવ દેહ બિચારી. મન.

નર્મદની આ વિનય ભાવની, સ્તુતિ લે સ્વીકારી;
મૂરખ માયામાં લપટામાં, હરી સ્મરણ ભય હારી. મન.

૩ ડાપણ તારૂં જાણ્યું રે ડાહ્યા એ રાગ.

ચેતી લે ચેતન માયા માહીં થાના ઘેલા,
ભરથરી સરીખા મહારાજવી, તન મન ત્યાગી દીધાં.
રૂષી જનોએ માયા ભયથી, વનમાં આશ્રમ કીધારે; મન.
જૂઠી માયા જગની જાણો, નર્ક દુઃખ દેનારી;
હરિ ચરણમાં મન ચોંટે તો, સ્વર્ગ સુખની બારીરે. મન.
ખાલી મૃગજલ માયા માટે, કેમ મૂરખ લલચાણો;
માયાનું મીથ્યા સુખ દેખી, ભોળા શું ભરમાણોરે. મન.
ઘણા ભૂપતિ ભક્ત જનોએ મહા પરીશ્રન કીધો;
એક વાર માયામાં લપ્યા, જડે ન રસ્તો સીધોરે. મન.
અમર નિરંજન નિરાકારને, જો મન ભજતું ભાવે;
નર્મદ દાસ કૃપાથી તુજને, જન્મ મરણ ફરી નાવેરે. મન.

૪ દોષ દેખ્યા વીણ મુજને બે ગુન્હે એ રાગ.

દાસ છે આધાર તારો, દેવ દયાલુ પ્રભુ,
દીન બંધુ તારે શરણુંછું, અન્ય કોઇ નહિ વીભુ;
આ મહા સીંધુ મહિ હું, ચો દીશે અથડાઉંછું:
હાથ ઝાલી બહાર કાઢો—દેવ.
માયામાંથી ચીત્ત મારૂં, શી રીતે અળગું કરૂં;
સ્નેહીયોમાં સાપડયોછું—દેવ.

એમાંથી છૂટો કરીને, શિષ્યની સંભાળ લ્યો;
સ્વામી નર્મદના સમરૂંછું—ટંબ.

૫ લાવણી.

આ તન તારૂં પડી જવાનું મીથ્યા શીદ અભીમાન કરે;
આ જગમાં કોઇ છે નહિ તારૂ, મારૂં મારૂં કરી શું મરે;
સગાં સબંધી પુત્ર પીતાદિ, અમ્મર છે નહિ કોઇ અહીં,
એક પછી બીજો પણ જાશે, સદા નહિ સંસાર મહીં;
જીવ જુકતથી જાણી લેજે, કાયાનું ત્યાં કામ નહિ,
ધર્મ દાન સત્કર્મ આદિક એ સાક્ષી તુજ થાશેજ તહીં;
આ ભવમાં કોઇ સ્નેહી સબંધી, હેશે નહિ અમ્મર પાત્રો,
તે સહુ રાજી રહેશે તુજમાં, જ્યાં સુધી લાવીશ આત્રો;
નારાયણની ગતિ અકળ છે, ખાલી આ સંસાર તણી,
તેમાં જો જીવતું જોડાણો, પાછળ પીડ થશેજ ઘણી;
માટે તેને છોડી દઇને, તેનાથી દીલમાં ડરવું,
નર્મદની વિનતી ઉર ધરી ભાઇ, નિશ દિન રામ રટણ કરવું.

૬ સકલ જગ અસત્ય સત્ય એક રામ હે એ રાગ.

રામ રટણ કરતું ભાઇ, મેલી મમતને.
ઘેલા મનકાં અંધ બને, શું કહું તુને. રામ
દ્રૌપદીનાં ચીરજ પર્યાં, સુદામાનાં દુઃખ ચૂર્ય,
સબ રાક્ષસ કુલ વીખુર્યાં;

નરસીંહને હાર આપ્યો કષ્ટ કાપીને. રામ.
ગજેંદ્ર બંધ છોડાવ્યો, પ્રભુ મુની વારે ધાયો,
હરીભક્ત કષ્ટ કટ ડાયો;
એ દીનના દયાળમાં તું કાંય મન ધરે. રામ.
એ વિશ્વ બંધુ ગુણ કર્તા, ઘડેરી માયાના ભર્તા,
નર્મદ સ્તુતિ ઉર ધરતા;
એ વિશ્વના નીભાવનારને ધરો મને. રામ.

૭ ચેતીલે ચેતન માયા મહીં એ રાગ.

ચેતીલે જીવ આ કાયા છે, કાગનો કુંપો,
ખોટી કાયા, ખોટી માયા, ચાર ઘડીનું ચટકુ;
એક પલકમાં જીવ જવાનો, જેમ આંખનું મટકુંરે. આ કાયા.
જ્યાં સુધી ધન ઘેર લાવવા જોર હશે તુજ માંહી;
માત પીતાદી સગાં સબંધી, ત્રાસ થશે તુજ માંહીરે. આ કાયા.
મરણ પછી પાછાં સહુ વળશે, ચકલા બ્હાર વળાવી;
પાંચ પચીશ માણસ ભેગાં થઈ, દેશે તુજને બાળીરે. આ કાયા.
પુન્ય પાપની કરણી જેવી, કરી હશે તેં આંહી,
તે સહુ તારાં મીત્ર બની, તુજ સંગ આવશે ત્યાંહીરે. આ કાયા.
સુખ દુઃખનો વિચાર કરીને, શ્રી હરી ભાવે ભજવા,
કામ ક્રોધ મદ મોહ લોભને, ધિક્કારીને તજવારે. આ કાયા.
સુખ સઘળાં હરીએ આપ્યાં છે, આ તુજ તનની માંહી;
નર્મદ જેથી અડચણ નાવે, હરી સમરતાં ક્યાંહીરે. આ કાયા.

૮ કાયા કેસેં રોઇ ચલ ગયે પ્રાન એ રાક.

એસે રે નર હો ગયે કલજુગમે.

ધર્મ દાનમેં ધ્યાન ન આપે, અવળો પંથ વીચરતે;
અવીચારમેં ગોથાં ખાતે, નીજ મન ધાર્યું કરતેરે. ઓ કલજુગ.
ભાઇ બ્હેનકુ કુજીવન જાને, અનહદ પાપ કરેરે;
સાલે સેંતો કરે દોસતી, સગેરે ભાઇસેં નુગરો બેર કરેરે. ઓ.
ચાડી ચોરી દુરાચારમેં નિશદિન રચપચ રહેતે;
બડા પુરૂષકા ડોલ કરતહે, સારી શીખામણ નહી ઉર ધરતેરે.
જાત જાતકા વ્યસન કરતહે, પીણુ વીણુ મોતે મરતે;
અધમ જાતના અનાડી એ, શ્રી પ્રભુસેં નહિ ડરતેરે. ઓ.
સર્વ સબંધી સ્નેહી સાથે. કુસુંપનાં બી રોપે,
નર્મદ એ મીથ્યા અભીમાની, કુટુંબીજનોપર કોપેરે. એ.

૯ કામી શું ના કરે- એ રાગ.

છોડીને આ સહુ,
મરી જાવું રે, છોડીને આ સહુ.
આ તનનો વિશ્વાસ ન કરવો, કાલ તણો વિચાર વિસરવો;
શું, કર્મ કર્યું તે ખરે—છોડીને.
મનશું મીથ્યા ગોથા ખાયે, આ દુખીઆ સંસાર ની માંહે;
શ્રી હરીને કાં ન સ્મરે—છોડીને.

લક્ષ્મી વર પર કરતું પ્રીતિ, એજ સખા સુખકારક રીતી;
કાં વીજુ મોત મરે—છોડીને,
હાથ પડયો હીરો તું હારે, માયા શું કરવી છે તારે;
નર્મદાનાથ કાં ન સમરે—છોડીને.

૧૦ વાહ શી છબી કલીત લલીત એ રાગ.

મુરખ જીવતું મોટાઇ મુકીદે મનનાંથી,
અંતરયામી અમર નીરંજન, ભજ્યા વીના સુખ કયાંથી કયાંથી;
જીવ મોટાઇ.
પરીવ હીરો શ્રીહરી કેરો, નેક નજરથી નાંખી નાંખી-જીવ.
મમતામાં તું માર્યો જામાં, દુષ્ટ મતિ નહી રાખી સાખી-જીવ
પરમારથ પર કરતું પ્રીતિ, સ્વારથ સુખને ત્યાગી ત્યાગી-જીવ
વિવીધ વિષયના અંધપણાથી, દુરભાગી જો જાગી જાગી-જીવ
નર્મદશંકર ભાવે ભજને, અચળ અમર સુખ માગી માગી-જીવ

૧૧ લાવણી.[3]

સ્વારથ કેરી સબ દુનિયાહે, સ્વારથકા જંજાળ કીયા,
સ્વારથ ડરસેં સત્ પુરૂષોએ, સંસાર સ્વારથ છોડ દીયા.
સ્વારથ કોઇ દીન ગલાં કપાવે, કોઇ દીન કરે દશા ચઢતી,
જુઠા સ્વારથસેં જે કોઇ પાવે, ઇસકી દશા આખર પડતી;
આ દુનિયામે સ્નેહી સબંધી, સ્વારથમેં સબ કરતે કામ,
પરમારથકા નામ ન જાણે, ભજે સ્નેહીરે સીતારામ;

સ્વારથ માટે રાજ કુટુંબી, પુત્ર પીતાકું હનતેહે,
સ્વારથ અરથે દુષ્ટ જનો નહિ કૃકાં કામસે તરતેહે;
એક પીતાકા સુજ્ઞ જનો સબ, સ્વારથસેં દીલમાં ડરીયે.
નર્મદની વીનતિ ઉર ધર ભાઇ, નીશદિન પરમારથ કરીયે.

૧૨. હિંદની હાલત—રાગ કુંજબીહારીનો.

હિંદ બિચારો, થઇ ગયો ન્યારો, અંધ બની અધમતાવાળો;
કાળોરે—કલીયુગે કેર કર્યો.
સાખી—નીજ નીજ ધર્મો છોડીને, પરધરમોને ચહાય,
વેશ તદન પલટાવતાં, ડરે નહિ મનમાંય;
સોટી સારી, કરમાં ધારી, વોચ વિષે બહુ વહાલ વધારી,
બલીહારીરે—કલીયુગે.
સાખી—નિશદિન રાચે રમતમાં, ગંજીફા ચોપાટ,
એવા અવળા વિષયમાં વળે દેશનો ડાટ;
જુલફી માથે, સ્નેક સાથે, વખતે કરી લે હજામત હાથે,
માથેરે—કલીયુગે.
સાખી—વાંક વળેલી બાંયના, કસ કસતા બહુ કોટ,
પાટલુન પણ પહેરતાં, ટોપીમાં બહુ મોટ;
અસચમ જોડા, માથે ઓડા, રીત રીવાજ વહેવારમાં થોડા,
પીએ સોડારે—કલીયુગે.
સાખી—ચાહ પાણી સાથે વળી; ટીફીન તડાકેદાર,
પાન પતીશાકા ખાવતા, મુર્ખ તણા સરદાર;

લીમલેટ પાણી, નાચુચ તાણી, બોલે દંભ ભરેલી વાણી,
વખાણીરે—કલીયુગે.

સાખી—આઇસ્ક્રીમ લે હેતથી, ટેબલ ઉપર ખાય,
બેશ વીલાતી સાબુએ, ચોળી હરદમ ન્હાય;

નાટક જોવા ચીત્ત પરોવા, નારી સંગે પૈસા ખોવા;
જોવારે—કલીયુગે.

સાખી—નિર્લજ થઇ વળી નારીયો, શરમ નહિજ લગાર,
મુરબ્બીઓની આગળે, લાજ નહિ તલભાર;

કપડાં સારાં, બહુ રૂપાળાં, નાટક ગીતો ગાય રસાળાં,
મરમાળાંરે—કલીયુગે.

સાખી—નવી નવી ભાષા કરે, દેખાડે ચતુરાઇ,
દામ દીયે મમતા થકી, દવા દારૂની માંઇ;

ભજે ન પ્રીતે, પ્રભુને ચીત્ત, સમજે નહિ મનમાં કો રીતે;
રીતેરે—કલીયુગે.

સાખી—ચીનાઇ ખાતું ચીમની, ઉપર અદકો પ્યાર,
ગ્લાસ ગલીચામાં સદા નાણું કરે ખુવાર;

તકતા સારા, શીશીંગ વાળા, નાંગાં નમાલાં ચીતરવાળા
કાળારે—કલીયુગે

સાખી—કૃપા કીધુ હે ઇશ્વરા, સંભાળો નીજ બાળ,
નહિ તો હિંદ આ બાપડી, થશે હાલ બેહાલ;

હે જગ ત્રાતા, સુખના દાતા, નર્મદ નાથા, ગાઉ ગુણ ગાથા;
નાથારે—કલીયુગે.

૧૩ હું મસ્તાન પ્રેમની એ રાગ.

ભજીલે સીતારામને ભવ સીંધુ તરવારે;
સીંધુ તરવારે, તારી સહુ ગરજ સરવારે.— ભજીલે.
સાખી—મમતા મૂકી દે પરી, નટવરથી કર પ્રેમ;
આંખ ઉઘાડી આંધળા, નીરખે નહિ તું કેમ.
પછીથી પસ્તાવો થશે ભજ ભાવે ભુધરને;
ભાવે ભુ, ધરને, ઘેલા હું શું કહુ તુને. ભજીલે.
સાખી—આયુષ્ય એળે જાયછે, વર્ષ ગયાં દશ વીશ;
પગ કર થર થર કંપશે, ડગશે તારૂં શિષ.
છૈયાં અને વળી છોકરાં વીંખી ખાંતથી ખાશેરે;
ખાંતથી ખાસેરે, પછી તુથી કાંઇ ન થાશેરે. ભજીલે.
સાખી—ધાર્યું થાય તણું, તુજ ધાર્યું નહિ કાંઇ,
નર્મદ નાથ વીના નહિ કો તારૂં જગમાંહી;
તેથી કહુંછું ટુંકમાં શ્રી રામ સમરને,
રામ સમરનેરે મોરલી ધર મુકંદને. ભજીલે.

૧૪ મદન પડયો કેડેરે એ રાગ

ભજ ભાવે ભૂધર ભાઇરે,
એ વીણુ મીથ્યા સહુ સગાઇરે. ભજ.

ધામ ધરા ધન કામ ન આવે, મને માનમાં વડાઇરે. ભજ.
લક્ષપતિ થઇ લાખો કમાયો, સંગે ન આવે એક પાઇરે. ભજ.
સ્વપ્ન સમાન અને વિષ સરીખા, વિષયનાં સુખોને વિસારીરે.
અચળ નથી અવનીપર કોઇ, વાત વિવેકની વિચારીરે. ભજ.
નર્મદ નાથનું નામ અચળ છે, બાકીનું ફના આ જગત માંહીરે. ભજ.

૧૫. મન ભજ ભાવે ગીરધારી એ રાગ.

તેની છે વૃથા જીંદગાની,
ધર્મ દાન નહિ કરીયાં હેતે, વૃત્તિ ધરી ન દયાની. તેની
નટવરને નહિ નેહે નીરખીયો, અંતર પામી મોરારી,
અપયશ જગમાં લીધો જેણે, કામ કર્યાં તોફાની. તેની.
હરી ભજન નહિ હેતે કરીયું, સુણ્યું ન કર્ણને ધારી,
આ ચક્ષુથી નીરખી ન જેણે, મોહન મૂરતિ પ્યારી. તેની.
ભાવ ધરી નહિ પૂજન કરીયું, કરમાં ઝારી ધારી;
નારાયણનું નામ ન મુખમાં, બુદ્ધિ જેની દિવાની. તેની.
સગાં સબંધી પુત્ર આદિકમાં, જે જન રહ્યા ઘેરાઇ;
હડકાયાંની પેરે ધાયો, જન્મ ધરી જગ માંહી. તેની
સંતોષ પૂરો ન મનથી માન્યો, રહ્યા હૃદયમાં હારી;
નર્મદ નાથને ભાવે ન ભજીયો, ફોકટ તે જીંદગાની. તેની.

૧૬. અલી ભૂલી ભાન તું સાને ભમે છે. એ રાગ.

અરે મન કાં તું કરે મગરૂરી;
ધારેલી ધારણા રહી જાશેરે અધુરી. મન.

ધારેલું ધણીનું થાય, મલકના મનમાંય, તારી છે આ કાચી કાય;
સમજ સમજ.—મન
મીથ્યા ધામ ધરા ધન, તારૂં પણ નથી તન, માન સાચું આ વચન;
ફોગટ ફુલાઇ—મન
નાના મોટા સહુ એક, રાય રંક નહિ લેખ, નર્મદ કહેછે અંતે
બળી થાવું ખુરી.—મન.

૧૭. રાગ માઢ.

ભમોના ભૂલી ભાનરે, જીંદગાની ચાલી જાય,
નક્કીછે જાવું શમશાનરે—જીંદગાની.

બાળપણામાં લાઢ લડાવ્યાં, મા બાપે સુખસાર;
પા, જીંદગી વીતી ભણતરમાં, ભૂલ્યો જુગદાધારરે. જીંદ.
યોગ્ય વયે વળી યુવતિ, સાથે, ખેલ્યો ખેલ અનેક;
પેટ અરથ બહુ પાપ કર્યાં, હવે આંખ ઉઘાડી દેખરે. જીંદ.
યોગ્ય સમય છે શ્રી હરી ભજવા, તત્પરથા તૈયાર,
નહિ ચેતોતો સરવે ખોશો, હાથ પડયું હથીઆરરે. જીંદ.
વૃદ્ધ વયે ઘેરાશો ગઢમાં, થાય પછી નહિ કાંઇ;
તનતુજ સાવ શીથીલ થઇ જાશે, સમજી લે મનમાંહીરે. જીંદ.
ચેત અચેત વિચાર કરી તું, મૂરખ મન મોઝાર;
નર્મદ નાથ સમર સ્નેહેથી, કરવા તુજ ઉદ્ધારરે. જીંદ.

૧૮. શું કરવું છે રાણા એ રાગ.

શમો જાયછે રે પ્રાણી, શમો જાય છે તારો;
હરિ ભજવાનો અંધા શમો જાય છે.
બાળાપણું એળે ખોયું રમતમાં ઓ અજ્ઞાની;
જુવાનીના મદમાં શું તું છકી જાય છે પાણી. હરી.
વખત રહ્યો છે ટુંકો રહી વાત ઝાઝી પ્રાણી;
એક પછી એક દિવસો વહ્યા જાય છે તારો. હરી.
સગાં કે સબંધી તુજને અમર પદ નહિ દે સુરખા;
તજી દઇ અમ્રતને કાં તું વિષ ખાય છે તારો. હરી.
માન મત્સર મૂકીને હરીભજ હેતે વ્હાલા,
સમજી કાં માર યમનો ખાવા ધાય છે તારો. હરી.
કામને ક્રોધ છોડી પ્રભુને ભજેજે જે પ્રીતે;
નાથ નર્મદનો તેનો હાથ સહાય છે પ્રાણી. હરી.

૧૯ નવો નર એક મેં જોયોરે એરાહ.

મને દ્યો મોક્ષ મેવારે;
મોક્ષ મેવા શંકર દેવા આવ્યો લેવારે. મને.
ભોળા શાંભ સદાશીવ શંકર, યાચું તમારી પાસ;
શરણાંગત તમ પાસે આવ્યો, અંતર ધારી આશ. મને.
નાથ ન જોગો અવગુણ મારા, પાપ અમારાં અમાપ;
જેહ જગસ્વામી સેવક કેરું, કષ્ટ કૃપાથી કાપ, મને.

મસ્તક ગંગ વહે જયશંકર, [illegible] હાથ,
નાગ તણી ઉપવિત કરી શી[illegible] જય જગતાત. મને.

કૈલાશ વાસીને સુખરાશી, [illegible] આપ,
દયા કરી દીન બાળ તારાને, [illegible] આપ. મને.

નર્મદદાસનો દાસ તમારો, સ્તુ[illegible] વાર,
બાંહ્ય ગ્રહી ઉતારો શંભુ, મ[illegible] સંસાર. મન.

૨૦. હૈયાનો [illegible] રાગ.

હળવા થઇ હાલો; મગરૂરી [illegible],
કાળ કોઇ દિન નક્કી ઝડપશે, [illegible] તું ઠાલો,
બુરી દશા આખર તુજ થાશે, [illegible]
સઘળો આ રસાલોરે.—હળવા.

અહ્યા કોઇ સાથે નહિ આવે, [illegible] કે સાલો,
પાપ પુન્ય તુજ સાથે રહેશે, [illegible] શ્રી નટવર
છોગાળોરે.—હળવા.

ચીખ્યા ધામ ધરા ધન યૌવન, [illegible] બનાત વળી શા[illegible]
મરણ પછી સાથે નહિ આવે, [illegible] તુંજ સગો દીકરો
વ્હાલોરે—હળવા.

જો સુખ ઇચ્છે ચેતન [illegible] દીન દયાળો,
નર્મદાનાથ [illegible] મતિ પાળોરે—હળવા

૨૧ મન ભજ ભાવે ગીરધારી એ રાહ.

મીથ્યાં નહિ થાએ ભાવી,
દશા કરે તે થાય હમેશાં, દાખલા દઊં બતલાવી.—મીથ્યા.
શ્રવણુ સરીખા સુપુત ભરેજલ, એક સરોવર આવી;
મામાએ માર્યો નીજ કરથી, હૃદયે બાણુ લગાવી. મીથ્યા.
નજર કરો નળરાય તરફતો, નૈષધ રાજ તજાવી;
જંગલમાં નીજ નારતણી પણુ, જરી દયા નહિ આવી.મીથ્યા.
રામચંદ્ર રઘુવંશ રાજવી, જગમાંહી કીર્તિ જમાવી;
તે પણુ એક વખત વન વસીયા, દુષ્ટ દશા જો આવી. મીથ્યા.
ધર્મ ધુરંધર પાંડવને પણુ, ભાવીએ દીધા ભમાવી;
ચૌદ વરસ રખડાવ્યા રાને, દુઃખમાં દીધા દબાવી. મીથ્યા.
હરીશ્ચંદ્ર સત્યવાદિ ભૂપતિએ, નીજકુળ દીધું દીપાવી,
ભાવી વડે નીજ પુત્ર પત્નિ સહ, કાય પોતાની વેચાવી. મીથ્યા.
એવા મહાન અતિ દુઃખ પામ્યા, શું કહું વધુ સમજાવી;
નર્મદ દાસનો દાસ કહે, હરી ચરણુમાં શીષ નમાવી. મીથ્યા.

૨૨. હવે મને હરી નામથી નેહ લાગ્યો એ રાગ.

કરો તમે સંત સમાગમ સારો,
એ વીણુ એકે નથી રે ઉગરવાનો આરોરે—કરો.
નામ શુભરામ કેરૂં નીશદીન રટીને પ્રાણી વિઘ્ન સકળને વિદારો
અમુલ્ય હીરો હરીકેરો મફત મળે તે લેઇને, દામાદી કાળને
નીવારોરે.—કરો.

મૃગ જળ માયાને ત્યાગી, શ્રી હરી સમરો સ્નેહે,
સફળ કરોને જનમારો,
કરમાં લઇ માળ મુખથી, હરદમ ભાખો કે સુજને,
અરે હરી આશરો તમારોરે—કરો.
મીથ્યા ધન ધામ યૌવન, પલકમાં પલટી જશે,
કરે જેમ વીજ ચમકારો,
માફી નીજ પાપ કેરી, પ્રેમથી માગીને;
તુંહી તુંહી રામને પોકારોરે—કરો.
બધારે વદું શું વ્હાલા, ઠગાઓ શું ઠાઠ ઠાલા,
જરી તો વિવેકથી વિચારો;
હરનિશ ભાઇ પ્યાર ધરીને ગ્રહો સત સંગ સરવે,
નર્મદના નાથને સંભારોરે—કરો.

૨૩ ઝેર ગયાં ને વેર ગયાં એ રાગ.

સુજ્ઞ જનો સુણજો સહુ સ્નેહે, મનન કરીને શાણા આપ,
રંક ભિખારી ભર્ત ભૂમીનાં પ્રગટયાં પૂર્વ જનમનાં પાપ;
સમજે નહિ કાંઇ ઉદય વાતમાં, પણ નીશદિન કરતા અભીમાન,
એવા જન જનમી શું કરશે, ઉદય અરે તુજ હિંદુસ્તાન.
ખર્ચે વધારે ખાન પાનમાં, માન માનીની મંડળમાંય,
બૂટ કોટ ને કટાઇ કોલરથી, હરખાતા ચાલે મન માંય;
પાટલુન પણ પ્રીતે પહેરો, રીત રીવાજ તણું નહિ ભાન,
એવા જન જનમી શું કરશે ઉદય અરે તુજ હિંદુસ્તાન.

ચમ ચમ કરતા ચાલ્યા જાઓ, સોટી લઇ સુંદર કરમાંય,
ચા કે પાણી જઇ પીતા, હોટલમાં અખાજ ખાણું ખાંતે ખાય;
ગૅાટ પીટ કરતા હુલ્લાં ફરતા, હોય સદાએ સાથે શ્વાન,
એવા જન જનમી શું કરશે, ઉદય અરે તુજ હિંદુસ્તાન.
ચસ્મા નિત્ય ચઢાવી ચાલે, હોય દેખતા તો પણ અંધ,
પટ્ટા પહેરી બાંધે તનને, જેમ અશ્વપર બાંધ્યો બંધ;
સુધરેલા સ્નેહે સહુ કહેતા, બી, એ, થએલા પણ અજ્ઞાન,
એવા જન જનમી શું કરશે ઉદય અરે તુજ હિંદુસ્તાન.
પરદેશી લઇ ચીજ પ્રેમથી, બમણું નાણું કરે ખુવાર,
રૂપરંગથી સહુ મોહી જાતા, અંદર ગુણ જાણે ન ગમાર;
સદા બરફ સોડા પી, ફરતા, ચીમલેટ પણ ઘણા સુજાન,
એવા જન જનમી શું કરશે, ઉદય અરે તુજ હિંદુસ્તાન;
નીચ નમાલાં નાટક નીરખે, દેશ તણી નહિ કરતા વાત,
વડીલ તણું કો માન રાખે, કરે કામ કાળાં કમજાત;
ચાલા ભરી ભાષણ કરતા બહુ, ડોળ થકી મેળવવા માન,
એવા જન જનમી શું કરશે, ઉદય અરે તુજ હિંદુસ્તાન.
ધર્મ કર્મ ધિક્કારી નીજના, અન્ય પંથમાં ભળે હમેશ,
વાત શુભ નીજ દેશ તણી, નહિ ઉચરે કદી ઉરથી લવલેશ;
દુશ્મન દેશ તણા થઇને, બહુ કરતા મનમાં કંઇક ગુમાન,
એવા જન જનમી શું કરશે, ઉદય અરે તુજ હિંદુસ્તાન.
હદ આવી હરિ હિંદ પરે, કર કાંઇક કૃપા, દુઃખ હરતા દેવ,

મધ દરિયે બૂડંતી હીંદના, ગ્રહી હાથ તારો તતખેવ;
લક્ષ્મીવર સત્વર થઇ ધાયો, ભીડ ભાગવા શ્રીભગવાન.
નર્મદનાથ કૃપા કરતોતો, બચે બિચારો હિંદુસ્તાન.

૨૪ કામી શું ન કરે એ રાગ.

જનમીને શું કર્યું;
આ જગમાં પ્રાણીરે—જનમીને.
રમત વિષે વય બાળ ગુમાવી, ભણતરમાં કાંઇ બ્રાત ન આવી;
નહિ કંઇ કાજ સર્યું—જનમી.
તરૂણ વયે તરૂણી સહ ખેલ્યો, હરિ ભજનનો મારગ મેલ્યો,
શુભ કેણ ન કાન ધર્યું—જનમી.
જૂઠ પ્રપંચ થકી બહુ રાચ્યો, અનરથ ધનથી મન મહીં નાચ્યો;
પાપી તુજ પેટ ભર્યું—જનમી.
વૃદ્ધ વયે મમતા નહિ મેલી, કરી નહિ કાન કુંવર શું કેલી,
ભાઇ તુજ ભાન ફર્યું—જનમી.
ભુત બાપનો ભારો ભરીયો, પુન્ય થકી હ્યા મનમાં ડરીયો;
પછી તુજ મોત ઠર્યું—જનમી.
બાગ બગી મ્હેડી મ્હેલાતો, તે સહુ ચાર ઘડીની વાતો;
અંતે શમશાન વર્યું—જનમી.
પુત્ર કલત્ર પ્રીતે લલચાવે, મરણ પછી કો સંગ ન આવે;
નહિ ધન સુ, યશ ભર્યું.—જનમી.

ચતુર સહુ સુખ લેવા ચેતે, નર્મદ નાથને જે ભજશે તે
સાગર સ્હેજ તર્યું—જનસી.

૨૫. શમો જાય છે પ્રાણી એ રાહ.

નથી કોઇ તારૂં બંદા નથી કોઇ તારૂંરે,
ખોટી આ ખલકમાં કોઇએ નથી તારૂંરે;
ભગીની સુત માત દારા, સ્વારથનાં સંગીરે,
તો પણ તેને તું કહે છે તે સહુ મારૂંરે. ખોટી.
કર કાં મગરૂરી મૂરખ, યૌવન ધન ધામનીરે;
સ્વપ્ના સમાન સહુને સમજે તો સારૂંરે. ખોટી.
મીથ્યા મમતાના મૂકી ફર્યો ફાંકડા ફૂલાઇ,
તે પણ તુજ મોત વખતે થશે, બધું ન્યારૂંરે. ખોટી.
લ્હાવો શુભ આ તું લેને, ખરો હરીનામનોરે;
કરો સદા તનમન ધનથી, પ્રભુ નામ પ્યારૂંરે. ખોટી.
વિનતી સુણશો સૌ ભાઇઓ, દાસ નર્મદની તોતો;
સીધું છે ઉઘાડું જાઓ, સ્વરગનું બારૂંરે. ખોટી.

૨૬. ધર્યો ભેખવાને ભાવી એ રાહ.

કાયા તારી કાલ જવાની નથી બેશી રહેવાની,
કરવું હોય તે આજ કરી લ્યો પછી થશે નહિ કાંઇ;
પાછળથી પસ્તાશો મનની રહી જાશે મન માંહી. કાયા.
સોંથી ચીજ સદા સહુ ચાખે વસ્ત્ર અને વળી અન્ન;

સમય સોંઘો કદી ન થાએ, વ્હાલા વિચારો મન. કાયા.
થોડા સમયમાં, સુ, યશ લેને કર ના કુડું કામ;
છોડો નહિ કદી રામનું રૂડું હૃદયમાંથી નામ. કાયા.
મમતમાં મરડાઇ જાઇને ક્રોધ કરો છો કેમ;
ગુણ રજો તમ દૂર કરી સાત્વીકનો રાખો નેમ. કાયા.
હું પદમાં હલકો શીદ થાએ, ધરો નહિ અભીમાન;
પંખીના મેળા સમ આવ્યા, કરો મળી ગુલતાન. કાયા.
ભાવ ધરી ભગવાન ભજો, દુરગુણ તજો નરનાર;
નાથ કૃપાથી નર્મદ તેને, આવે નહિ અવતાર. કાયા.

૨૭. કેજેરે વાદળી વાત પ્યારીને એ રાહ.

જાવું છે જરૂર મીથ્યા થાશે નહિએ,
થાશે નહિ ઘડી જાશે નહિ નહિએ;
ધામ ધરા તુનેરે લલચાવે, મીથ્યા મગરૂરી તુજને અધીકે
કે !,
કરાવે તું પાસ કૂડા કામ અલ્યા એ, જાવું છે.
પડયોછું પલંગે, અત્યારે આ અભાગી,
ઉંઘ થકી ભાઇ જો જરી જાગી;
શયન થશેરે શમશાન મહીં. જાવું છે.
અટારી ચણાવી ઘણી બારીયો મુકી,
દેશે તનેતો ઘડી એકમાં ફુંકી;

પછી ધાન્ય ધનને પ્રાણી શું કરશોએ. જાવું છે.
સ્નેહી સદા અવીચળ સુખ લેવા, ઘરે મળે મુખ
માગીઆ મેવા;
ભજ બેઠા ભગવાન ભલાએ—જાવું છે.
વેશ ઘણા રજની રહી થોડી, કાળ પછીથી ભાઇ
આવશે દોડી;
ભાવથી નર્મદ તું તો ભજન કરી લે. જાવું છે.

૨૮ મારા રામ ગયા વનવાસ એ રાગ.

જીવડા જરી તું વિચાર કરતું મનરે, મનુષ્ય દેહી નાંહી મળે.
ચોરાશી મટીને જન્મ મનુષ્યનો પામ્યો રે;
માંડ મળીયો છે આ અવતારરે મનુષ્ય.
સુધાર સ્નેહે તું તેને, ગણીના નકામું રે;
પરભવનો પાપી ફેરો ટાળરે. મનુ'ય.
દ્રોહી માયાના થઇને જપો હરી જાપનેરે;
તરી જશો રહેજે આ સંસારરે. મનુષ્ય.
દાણી ધુંચવાળી જાળી માયાની લાહારીરે;
ઉકેલી તે જ્ઞાનથી તું નાંખરે. મનુષ્ય.
નીરબાકળનું જેવું, આમ જાણી લેનીરે;
ટળી જાય ભવનો ફેરો ભાઇરે. મનુષ્ય.
નર્મદનાથને સહુ ભજો ભાઇ ભાવથીરે;
સંસામાર સ્વારથની સગાઇરે. મનુષ્ય.

૨૯ નીત નીત જપવું તારૂં નામ એ રાહ.

કહેવું શું તુજને હવે માન, હવે માન, હવે, માનરે,
કાયા તારી કાલ જશે હાજી,
અમુલ્ય દેહી આપી, ગણે નકામી પાપી,
ભુલે કાં સરવે શુધ શાન, સુધ શાન, હવે માનરે. કાયા.
રોજ રોજ વાણાં વાયે, શઓ અલોપે જાયે,
આજ કાલે આવે અવશાન, અવશાન, હવે માનરે, કાયા.
ભોળા ભ્રમાનાભાઇ, મૃગજળ માયા માંહી;
સંસારે સરવે જુઠ જાણ, જુઠ જાણ, હવે માનરે. કાયા.
સગાં સહોદર તારાં, માતા પીતા સુતદારા;
સ્વારથનાં છે સાચી વાણ, સાચી વાણ હવે માનરે. કાયા.
હરીની એવી માયા, ભલા ભલા લપટાયા;
ભુલ્યા છે મોટા ભુપ ભાન, ભુપ ભાન, હવે માનરે. કાયા.
વિનતી સુણો સહુ સ્નેહે, નર્મદ સેવકનીરે;
પાર ઉતારે ભગવાન, ભગવાન, હવે માનરે. કાયા.

૩૦. ટાળ્યા નહિરે ટળે એરાહ.

કારજ કોના સરેરે કારજ કોના સરે મારા ભાઈ;
હરી ભજ્યા વીણ કારજ કોના સરે;
મોટા નર જેની પાછળે, કોન્ને ઘણી તો ફરે;
તેવા નરતો ચાલ્યા ગયા, તારે જાવું છે ખરે મારા ભાઈ.

શમદમ કદી નાહીં સાધીયા, ફોગટ ફુલાતો ફરે,
સ્વપ્ને હરી નાંહી સાંભ્રીયા, ક્યાંથી ઠામ તો ઠરે. મારાભાઈ.
શેઠ હજારો નીહાળીજે, નોકર કામ તો કરે;
તે પણ એક દિન મસાણમાં, ભુંડે ભડકે બળે. કારજ.
યમનો ભય નથી લાગતો, પ્રભુનાં નામથી ડરે;
અમુલ્ય રત્ન જેણે આપીયું,બહાના બાર શું કરે. કારજ.
મનન કરેજે માનવી, નર્મદ વિનતિ કરે;
ભાવે ભજે ભગવાનને ભવ સાગરે તરે. કારજ.

૩૧. દમી જગતને ઠીક એ રાહ.

ભજ્યા વીના ભગવાન જીવતર જાશેરે તારૂં ધુળમાં;
સાર સમજ સાચો અંતરમાં, કહું શું વારંવાર;
હરિ નામથી આ ભવસાગર, તરવા થા તૈયાર. જીવતર.
વૃથા વિષયમાં રમતાં રંગે, વખત ગયો વિશાળ;
ઘડી એક મન સ્થિર કરીને, ભજ્યા નહિ ગોપાળ. જીવતર.
સમજ સમજ મન શમો જાય છે, મત્સર મન ધરનાર,
વિરોધ વાતમાં સદા વિંટાયો, ગમ કંઈ રાખ ગમાર જીવતર.
નર્મદનાથ નીરખ નેહથી તજી સકળ જંજાળ,
એક પલકતો ભજતુ ભાવે, નાયક દીન દયાળ જીવતર.

૩૨. મારા શામ ગયા છે વનવાસ એ રાહ.

તુજને જરીએ વિચાર કાં ન આવે રે હરી નામ લીધુ નહીં ટેક
કરા આ આપ્યાછે મનવા, પુજન પ્રભુનુ કરવારે,
નેત્રે તુ નારાયણુ નીરખરે હરીનામ

પગ છે ચાલીને જાવા, દેવળમાં દેવનારે,
રસના તુજરામ રટવા જાણુ રે હરીનામ
મસ્તક નમવાને દીધું, મહેર કીધી મહારાજે,
કર્ણે તું સાંભળ કૃષ્ણુ કથાયરે હરીનામ.
સુખ આપ્યું શ્રીહરીએ તો, કર કાં ઉપયોગ ખોટો,
રાખે દંભી થઇ ડોળ અપારરે હરીનામ.
નર્મદ ભજશો જો ભાઇઓ, ભગવંતને સૌભાવે,
ઘડી મહીં ભવ સીંધુ તરનારરે હરીનામ.

૩૩. ઇશ ધનકી કૌન બડાઇ. એ રાહ.

આ સંસારે જૂઠ સગાઇ મીથ્યા મમત કર કાં મુજ ભાઇ; આ.
હસ્તિ ઉપર ચઢતા જન જેવા, બળતા દીઠા મસાણમાં તેવા આ.
માળ હવેલી મહીંજે માલ્યા, તે પણ અંતે જ્ને એકલા ચાલ્યા આ.
સુતા પુષ્પ સેજ્યા જરરાયા, એક દીન કાષ્ટ મહીં ખડકાયા આ.
ચેતનજો સમજે સુખ થાશે રાત દીવસ હરી હેતથી ગાશો આ.
નર્મદ નાથને જે ભજશો તો ભવ સાગર તરી જાશો સહેજે આ

૩૪ ઇશ છે આધાર તારો એ રાહ

જગ્ત જનુની માત અબે , આશરો તારો ખરો
આશરો તારો ખરોમાં. સેવકને સુખી કરો જગ્ત
મહિમા સુરને માગણીમાં. સેવકને તું તારણીમાં.
અધમને ઉદ્ધારણીમાં. આશરો તારો ખરો જગ્ત.
પરભવની હું ન વાત જાણું, આભવે છુટો કરો;
નર્મદની હે માત અંબે આશરો તારો ખરો જગ્ત

૩૫ સાર્દૂલ વિક્રીડિત,

નહીં તારૂં હરીવીણુ કાંઇ જગમાં, મારૂં કહી શું મરે.
રખડે કાં મમતા મહી મુરખતું. તેથી સુ કારજ સંરે,
મનતું માને કાં વડાઇ અમથી. અભીમાનમાં આથડે.
દામોદરને સ્નેહથી સમરતું. તો કાંઇ રસ્તો જડે
શંખ અને વળી ચક્રના ધરણને. શરણે તું જા સ્નેહથી.
કરમાં તેની માળ ફેરવ સદા. એવીણુ રસ્તો નથી.
રઝળાવે ઘડી રાનમાં ઘડી કરે ગાદી તણો ધીર્યાત
તેને શરણે જામના સુદ્દતું. તારી થવા સદ્દગતિ

સમાપ્ત

જાહેર ખબર

શ્રી સત્યનારાયણ સંગીત

તૈયાર થાય છે.

ચાલતા જમાનાને અનુસરતા લોકપ્રિય રાગો વાળી સત્યનારા
સંગીત નામની ચોપડી તૈયાર થાય છે. તો અગાઉથી ગ્રાહક
નીચેના શીરનામે નામ નોંધાવો.

કિંમત ૦—૨—૦ પોસ્ટેજ જુદું.

સીરનામું.

નર્મદાશંકર ગણપતરામ ઠાકર

મુ. વીરમગામ—ઠે નાગરવાડો.

પુસ્તક મળવાનાં ઠેકાણાં

નર્મદાશંકર ગણપતરામ ઠાકર

મુ. વીરમગામ—ઠે. નાગરવાડો.

અમારા એજંટ—

ઠાકર ગીરજાશંકર પુરૂષોત્તમ શર્મા બુકસેલર

વીરમગામ બોરડી બજાર.